### ફાગવેલ તાલુકા પંચાયતની બેઠક પરના તમામ ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા

# કપડવંજમાં ન સમાવે ત્યાં સુધી તમામ ચૂંટણીનો બહિષ્કાર : ચિખલોડનો હૂંકાર

**નવરચિત** ફાગવેલ તાલુકામાં જોડાવાનો ચિખલોડનો સ્પષ્ટ ઇનકાર


તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ, તા.19
નવરચિત ફાગવેલ તાલુકામાં સમાવેશ કરવામાં આવતા ચિખલોડ ગામના ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાની માંગણીઓ પ્રત્યે મક્કમ રહેતા ગ્રામજનોએ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી ચિખલોડ ગામને ફરીથી કપડવંજ તાલુકામાં સામેલ કરવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ સરપંચથી લઈને લોકસભા સુધીની તમામ ચૂંટણીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરશે.

ગ્રામજનોનો તર્ક છે કે ચિખલોડ ગામનો વર્ષોથી વેપાર-વ્યવસાય, શિક્ષણ, ખરીદ-વેચાણ અને આરોગ્ય સહિતનો તમામ વ્યવહાર કપડવંજ શહેર સાથે જોડાયેલો છે. તેઓ સરકાર દ્વારા ફાગવેલને નવો તાલુકો બનાવવાના નિર્ણયનો વિરોધ નથી કરી રહ્યા, પરંતુ ચિખલોડ ગામને કપડવંજ તાલુકામાં જ યથાવત રાખવાની પેરવી કરી રહ્યા છે.

આ આંદોલનની સીધી અસર હાલની ચૂંટણી પ્રક્રિયા પર જોવા મળી છે. ચિખલોડ બેઠક પરથી ભાજપ, કોંગ્રેસ અને બે અપક્ષ એમ કુલ ચાર મહિલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જોકે, ગ્રામજનોની એકતા અને માંગણીને સમર્થન આપતા, ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ચારેય ઉમેદવારોએ સ્વેચ્છાએ પોતાના ઉમેદવારી પત્રો પરત ખેંચી લીધા છે, જેના કારણે હાલ આ બેઠક ખાલી રહી ગઈ છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી તેમની માંગણી સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી આ રાજકીય ગરમાવો અને ચૂંટણી બહિષ્કાર યથાવત રહેશે.

## કપડવંજમાં સગીરા પર દુષ્કર્મ ગુજારનારની ધરપકડ

(પ્રતિનિધિ) કપડવંજ તા.19
કપડવંજ ટાઉન પોલીસ મથક વિસ્તારમાં 17 વર્ષની એક સગીર યુવતીને ભગાડી જઈ તેના પર દુષ્કર્મ ગુજારવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ કેસમાં પોલીસની તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આરોપી અગાઉ પણ આવા જ ગંભીર ગુનામાં સંડોવાયેલો હતો.

કપડવંજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની 17 વર્ષની કિશોરી પર દુષ્કર્મ ગુજારનાર 26 વર્ષીય ચાહતકુમાર દિનેશભાઈ પરમાર સામે કપડવંજ ટાઉન પોલીસ મથકમાં પોક્સો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ શખસ સામે અગાઉ વર્ષ 2024માં પણ કપડવંજ રૂરલ પોલીસ મથકમાં પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો.

## ઉમરેઠ કરશે મતદાન : 700 દીવડાના તેજ સાથે સંદેશો અપાયો



ઉમરેઠના એનએનડીટી ગ્રાઉન્ડ ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 700 દીવડાઓ પ્રગટાવી મતદાર જાગૃતિનો રચનાત્મક કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી અધિકારી જિજ્ઞાબેન પટેલ અને નોડલ અધિકારી કામીનીબેન ત્રિવેદીની હાજરીમાં લોકશાહીના પર્વમાં મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા આહવાન કરાયું હતું. 23મી એપ્રિલે યોજાનાર મતદાનમાં નાગરિકો નિર્ભય અને ન્યાયી રીતે મતાધિકારનો ઉપયોગ કરે તેવો સંદેશ વિદ્યાર્થીનીઓ અને તંત્ર દ્વારા અપાયો હતો.

## વડતાલ ધામમાં અખાત્રીજના પર્વે 500 કિલો મોસંબીનો ભવ્ય અન્નકૂટ ધરાવાયો


સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ ખાતે અખાત્રીજના શુભ દિવસે મંદિરમાં બિરાજતા દેવોને 500 કિલો મોસંબીનો મનોરથ ધરાવવામાં આવ્યો હતો. અલીન્દ્રાના હરિભક્ત વિપુલભાઈ પટેલ દ્વારા આયોજિત આ વિશેષ અન્નકૂટમાં ભગવાનને તાજી મોસંબીનો કલાત્મક શણગાર અર્પણ કરાયો હતો. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત સ્વામીની ઉપસ્થિતિમાં રાજભોગ આરતી બાદ યોજાયેલા આ ઉત્સવના હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### ગરીબ લોકોના નામે ‘મ્યુલ એકાઉન્ટ’ ખોલાવી દેશવ્યાપી છેતરપિંડી આચરતી ટોળકીનો પર્દાફાશ

# સાયબર ફ્રોડ માટે ‘ભાડે ખાતા’ આપતી ગેંગનો મુખ્ય સૂત્રધાર પકડાયો

**મહીસાગર જિલ્લા** સહિત રાજ્યના 13 જેટલા ગુનાઓના તાર જોડાયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.19
મહીસાગર જિલ્લામાં સાયબર ક્રાઈમ આચરવા માટે સામાન્ય નાગરિકોના બેંક ખાતા મેળવી તેનો ‘મ્યુલ એકાઉન્ટ’ તરીકે ઉપયોગ કરતી ગેંગનો મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડમાં છેલ્લા કેટલાય સમયથી નાસતા-ફરતા મુખ્ય સૂત્રધાર આરીફ હુસેન ઉર્ફે લીંડીને પોલીસે બાલાસિનોરના નિશાળચોક પાસેથી દબાવી લીધો છે.



પોલીસ તપાસ મુજબ, આ ટોળકી ગરીબ અને સામાન્ય વર્ગના લોકોને નાણાંની લાલચ આપી તેમના નામે અલગ-અલગ બેંકોમાં ખાતા ખોલાવતી હતી. આ ખાતાઓની પાસબુક, ચેકબુક, એટીએમ કાર્ડ અને સીમ કાર્ડ અમદાવાદના સલમાન ઉર્ફે ઉસ્માનગની નામના શખ્સને પહોંચાડવામાં આવતા હતા. આ સાધનોનો ઉપયોગ દેશભરમાં આચરવામાં આવતા સાયબર ફ્રોડના નાણાં મેળવવા માટે કરવામાં આવતો હતો.

આ શખસોએ મ્યુલ એકાઉન્ટ્સમાં અલગ-અલગ રાજ્યોના સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના કુલ રૂપિયા 10,28,980 ઓનલાઈન જમા કરાવ્યા હતા. તપાસમાં પાંડવાની IDBI બેંક અને લુણાવાડાની AU બેંકના ખાતાઓ શંકાસ્પદ જણાયા હતા, જેની વિરુદ્ધ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી કુલ 13 જેટલી સાયબર ક્રાઈમની અરજીઓ નોંધાયેલી હતી.

મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. ખાંટ અને તેમની ટીમ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા ખાસ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. હેડ કોન્સ્ટેબલ ભવદિપસિંહ અને કોન્સ્ટેબલ દિનેશભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરીફ હુસેન ઉર્ફે લીંડી (રહે. GIDC, બાલાસિનોર) ને ઝડપી લેવામાં આવ્યો છે. અગાઉ પકડાયેલા મ્યુલ એકાઉન્ટ ધારકોની પૂછપરછમાં આરીફનું નામ ખુલ્યું હતું.

# કપડવંજ પાસે લોહીલુહાણ હાલતમાં યુવકની લાશ મળી

**ધૂળિયા વાસણા** રોડ પર ડમ્પરચાલકનું માથું કચડાયેલી હાલતમાં મળી આવ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.19
કપડવંજ તાલુકાના ધૂળિયા વાસણા ગામના રોડ ઉપર એક 32 વર્ષીય યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે. મૃતક વ્યવસાયે ડમ્પરચાલક હોવાનું જાણવા મળ્યું છે, જેનું માથું કોઈ ભારે વાહન નીચે કચડાઈ ગયું હોવાથી આ મામલો અકસ્માત છે કે હત્યા, તેને લઈને અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

કપડવંજ પંથકના ધૂળિયા વાસણા ગામને જોડતા માર્ગ પરથી પસાર થતા લોકોને એક યુવકની લાશ મળી આવી હતી. આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મૃતકની ઓળખ 32 વર્ષીય ડમ્પરચાલક તરીકે થઈ છે.

આ ઘટના સ્થળની પરિસ્થિતિ જોતા યુવકના માથાનો ભાગ સંપૂર્ણપણે છુંદાઈ ગયો હતો, જેના પરથી પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તેના પરથી કોઈ ભારે વાહન ફરી વળ્યું હશે. જોકે, યુવકનો મૃતદેહ જે સંજોગોમાં મળી આવ્યો છે તેને જોતા સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ભારે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

આ મોત પાછળ અકસ્માત જવાબદાર છે કે પછી કોઈએ હત્યા કરી અકસ્માતનું રૂપ આપવાનો પ્રયાસ કર્યો છે, તે દિશામાં પોલીસ તપાસ ચલાવી રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બીવીએમના કેડેટ જયવીરસિંહ જાડેજાની યુકે ખાતે એનસીસી યુથ એક્સચેન્જ પ્રોગ્રામ માટે પસંદગી


**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની બીવીએમ એન્જિનિયરિંગ કોલેજના મેકેનિકલ વિભાગના વિદ્યાર્થી કેડેટ જયવીરસિંહ જાડેજાની પ્રતિષ્ઠિત એનસીસી યુથ એક્સચેન્જ પ્રોગ્રામ - યુનાઇટેડ કિંગડમ માટે પસંદગી થઈ છે. સમગ્ર ગુજરાત ડિરેક્ટોરેટમાંથી આ ડેલિગેશન માટે પસંદ થનાર તેઓ એકમાત્ર કેડેટ છે, જે આગામી 25મી જૂનથી 16 જુલાઈ દરમિયાન યુકે ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરશે. પ્રજાસત્તાક દિવસ કેમ્પ-2026માં શ્રેષ્ઠ દેખાવ બદલ તેમને NCCના સર્વોચ્ચ ‘ડીજી કમેન્ડેશન કાર્ડ’ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન એન્જિ. ભીખુભાઈ પટેલ અને 38 ગુજરાત બટાલિયન NCCના અધિકારીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

### આણંદના ચિત્રકાર અશોક ખાંટના ચિત્રોનું ગાંઠીલા ઉમાધામ પાટોત્સવમાં રજુ કરાયાં

**આણંદ** | જૂનાગઢના ગાંઠીલા ખાતે 18મા ‘ઉમાધામ પાટોત્સવ’ પ્રસંગે આણંદના ખ્યાતનામ અને ગુજરાત ગૌરવ પુરસ્કૃત ચિત્રકાર અશોક ખાંટના ચિત્રોનું વિશેષ પ્રદર્શન યોજાશે. આ મંદિર ટ્રસ્ટ દ્વારા ખાસ નિમંત્રિત કરાયેલા અશોક ખાંટની કલા કૃતિઓ આ મહોત્સવમાં આકર્ષણનું કેન્દ્ર બનશે, જેમાં સાંસદ પરસોત્તમ રૂપાલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ પાટોત્સવ અંતર્ગત બ્લડ ડોનેશન અને આયુર્વેદિક નિદાન કેમ્પ જેવા વિવિધ સેવાકીય કાર્યોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ચરોતર પંથકની કલા જગતમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ચારુસેટ યુનિવર્સિટીમાં રિસર્ચ કોલોક્વિયમમાં 155થી વધુ સંશોધકો સહભાગી થયા


**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીમાં રિસર્ચ સેલ દ્વારા ચારૂસેટ રિસર્ચ કોલોક્વિયમ યોજાયું હતું, જેમાં આઈઆઈટી ગુવાહાટીના પ્રોફેસર પરમેશ્વર ઐયરે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સંશોધકોને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં 155 જેટલા PhD સ્કોલર્સે ભાગ લઈ સંશોધન ક્ષેત્રે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું અને શ્રેષ્ઠ જર્નલ્સમાં રિસર્ચ પેપર પબ્લિશ કરવાની માહિતી મેળવી હતી. કોલોક્વિયમ અંતર્ગત ઓરલ અને પોસ્ટર પ્રેઝન્ટેશન તેમજ ક્વિઝ જેવી વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંશોધનમાં ઉત્કૃષ્ટતા અને પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે દરેક સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરાયાં હતાં.

### બાલાસિનોરમાં પોષણ પખવાડિયા અંતર્ગત 64 ભૂલકાંઓના આરોગ્યની તપાસ કરાઈ

**બાલાસિનોર** | બાલાસિનોરની સંસ્કાર અને જયપ્રકાશ બાલવાડીમાં સરકારી હોમિયોપોથી દવાખાના અને લાયન્સ ક્લબ દ્વારા બાળ આરોગ્ય ચકાસણીનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. મેડિકલ ઓફિસર ડો. ભક્તિબેન શેઠ દ્વારા બાળકોના વજન-ઊંચાઈની તપાસ કરી એનિમિયા અને મોસમી રોગો માટે જરૂરી દવાઓ તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. બાળકોને કુપોષણ મુક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે અહીં આયુષ કેલેન્ડર એનાયત કરી આરોગ્ય વર્ધક ટીપાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબ બાલાસિનોર દ્વારા 64 બાળકોને ચીકીનું વિતરણ કરાયું હતું.



### નડિયાદની માતૃછાયા સંસ્થામાં ‘પોષણ પખવાડિયા’ અંતર્ગત આયા બહેનો માટે વિશેષ તાલીમ યોજાઈ

**નડિયાદ** | નડિયાદના માતૃછાયા અનાથ આશ્રમ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ બાળકોના પોષણ અને સંભાળ વિષયક પ્રેરણાદાયી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બાળરોગ નિષ્ણાત ડો. શિવાંગીએ આયા બહેનોને સંતુલિત આહાર, સ્વચ્છતા અને બાળકોના માનસિક-શારીરિક વિકાસમાં પોષણના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ડિરેક્ટર સિસ્ટર મીના અને અધિક્ષક સંદીપ પરમારે ઉપસ્થિત રહી બાળકોની સર્વાંગી સંભાળ અને સુરક્ષા માટે મહત્વપૂર્ણ સૂચનો પૂરા પાડ્યા હતા.



### કઠલાલના ગામડાંમાં મતદાન જાગૃતિ સંદર્ભે ‘ગામનો વિદ્યાર્થી - લોકશાહીની શક્તિ’ અભિયાન


**કઠલાલ** | સ્થાનિક સ્વરાજની ચૂંટણી-2026 અંતર્ગત કઠલાલ તાલુકાના અપ્રુજી અને મહેમદાવાદની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આદર્શ વિદ્યાલય સોડપુર અને સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ‘મતદાન અમારો અધિકાર અને ફરજ છે’ ના સંકલ્પ સાથે સામૂહિક શપથ લીધા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલી રેલીઓમાં ‘પહેલા મતદાન, પછી કામ’ જેવા સૂત્રો દ્વારા વિદ્યાર્થીઓએ વડીલોને મતદાન મથક સુધી પહોંચવા પ્રેરણા પૂરી પાડી હતી. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોએ પોતાના પરિવાર અને સમાજને લોકશાહીના આ પર્વમાં અચૂક સહભાગી બનાવવા માટે મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### ઉમરેઠમાં યુવાઓ દ્વારા વૃક્ષારોપણ સાથે મતદાન જાગૃતિનો અનોખો સંદેશ

**આણંદ** | ઉમરેઠ વિધાનસભાની ૨૩મી એપ્રિલે યોજનાર પેટા ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી સ્વીપ અંતર્ગત જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ઉમરેઠ કોલેજના વિદ્યાર્થીઓએ કેમ્પસમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતનની સાથે લોકશાહીને મજબૂત કરવા મતદાન કરવા અપીલ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરી અને નોડલ ઓફિસર કામિનીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાઓ જોડાયા હતા. જેમ પર્યાવરણ માટે વૃક્ષો અનિવાર્ય છે, તેમ તંદુરસ્ત લોકશાહી માટે દરેક નાગરિક પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવો સંદેશ વિદ્યાર્થીઓએ આપ્યો હતો.




### આણંદની આઈરિશ હોસ્પિટલ ખાતે ફાયર સેફ્ટી અંગે જાગૃતિ અને પ્રેક્ટિકલ તાલીમ યોજાઈ


**આણંદ** | નેશનલ ફાયર સર્વિસ ડે નિમિત્તે કરમસદ - આણંદ ફાયર સર્વિસીસ દ્વારા આઈરિશ હોસ્પિટલના 66 સ્ટાફ મેમ્બર્સને આગ સામે સુરક્ષાની તાલીમ આપવામાં આવી હતી. ફાયર ઓફિસરના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલની સેફ્ટી સિસ્ટમ અને ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન સ્ટાફને પ્રાથમિક ધોરણે આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ અને ફાયર બ્રિગેડની કામગીરી વિશે વિસ્તૃત રીતે માહિતગાર કરાયા હતા. નવી પેઢીમાં જાગૃતિ લાવવાના હેતુથી ફાયર બ્રિગેડ દ્વારા વિવિધ ખાનગી અને સરકારી સંસ્થાઓમાં તાલીમનું આયોજન કરવામાં આવે છે.

### કપડવંજમાં ભારત વિકાસ પરિષદ દ્વારા વટેમાર્ગુઓ માટે ઠંડા પાણીની પરબ શરૂ કરાઈ



**કપડવંજ** | વિદ્યા ભારતીના પૂર્વ મંત્રી વિનયભાઈ કનૈયાલાલ શાહના સૌજન્યથી કુબેર નગર ચોકડી પાસે ઉનાળાની ગરમીમાં રાહદારીઓ માટે આ સેવાનો પ્રારંભ કરાયો છે. ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડો. એ. જે. રાવલ અને મંત્રી શાંતિલાલ પ્રજાપતિ સહિતના હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિમાં આ પરબ ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પરબની દેખરેખની સેવાકીય જવાબદારી સામાજિક અગ્રણીઓ ભરતભાઈ પંડ્યા અને ભદ્રેશભાઈ પંડ્યા (આનંદ બુક સ્ટોર) દ્વારા સંભાળવામાં આવી રહી છે. આ માનવતાવાદી કાર્યમાં સહયોગ આપનાર સૌનો શાખા પરિવાર દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

### કપડવંજમાં ચૂંટણીને અનુલક્ષીને મતદાર જાગૃતિ માટે 250 શિક્ષકોની વિશાળ બાઇક રેલી યોજાઈ

**કપડવંજ** | કપડવંજ તાલુકા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓમાં મતદાનની ટકાવારી વધારવાના ઉમદા હેતુથી ભવ્ય ‘બાઇક રેલી’નું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દિલેશભાઈ સોલંકીના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં શહેરની વિવિધ શાળાઓના અંદાજે 250 જેટલા શિક્ષકો બાઇક સવાર થઈને ઉત્સાહભેર જોડાયા હતાં. એમ.પી. હાઈસ્કૂલથી તાલુકા પંચાયત કચેરી સુધીના મુખ્ય માર્ગો પર ફરેલી આ રેલીમાં ‘મતદાન એ આપણો પવિત્ર અધિકાર છે’ જેવા સૂત્રો દ્વારા જનતાને મતદાન કરવા અપીલ કરાઈ હતી.



### કપડવંજની મદીના હાઈસ્કૂલમાં ‘હેલ્ધી ફૂડ-હેલ્ધી લાઈફસ્ટાઈલ’ વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજની મદીના હાઈસ્કૂલ ખાતે GEER ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ શિક્ષણ અંતર્ગત વિદ્યાર્થીઓને સ્વસ્થ આહાર અને સારી જીવનશૈલી અંગે માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આરોગ્ય નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને જંક ફૂડના નુકસાન સમજાવી દૈનિક જીવનમાં પોષણયુક્ત આહાર અને સ્વસ્થ આદતો કેળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી સત્ર દ્વારા સ્વાસ્થ્ય અને આહાર સંબંધિત પોતાની મૂંઝવણો દૂર કરી હતી.

